# નિષ્ઠાભરી મથામણનો નિર્દેશ | હિમાંશી શેલત

[‘નિર્દેશ’ : લેખક : રવીન્દ્ર પારેખ, પ્રકાશક : સાહિત્ય સંગમ, સુરત, પૃ. ૧૨૬, કિં. રૂ. ૯૦/-]

વાર્તા-સ્વરૂપમાં નિષ્ઠાપૂર્વક કામ કરી રહેલા આપણા કેટલાક વાર્તાકારોમાં રવીન્દ્ર પારેખ ધ્યાન ખેંચતા રહ્યા છે. કથાસામગ્રીને અનુરૂપ કથનરીતિની શોધ આ વાર્તાકારની સતત મથામણ રહી છે, અને વાર્તારસિક ભાવકને આ પ્રયાસને પામવામાં રસ પડે છે. ‘નિર્દેશ’ એમનો ત્રીજો વાર્તાસંગ્રહ છે, અને એમાં ઓગણીસ વાર્તાઓનો સમાવેશ થયો છે. સાંપ્રત જીવનના અભિશાપ સમાં તાણ, સ્વકેન્દ્રી વૃત્તિઓ, સત્તા-સંપત્તિ લાલસા, માનવસંબંધોની વિડંબના અને આઘાતક વિધિવક્રતાની આસપાસ વણાતી આ કથાઓમાંની કેટલીક સિદ્ધહસ્ત વાર્તાકારની નીપજ લેખે ભાવકને સ્પર્શે છે, તો કેટલીક સામાન્ય સ્તરે થંભી જાય છે. આમ છતાં આ બંને પ્રકારની વાર્તામાં વાર્તાકારની નિસબત – કથાબીજને અનુકૂળ રચનારીતિ પ્રયોજવાની નિસબત – પ્રગટ થયા વિના રહેતી નથી. ફૅન્ટસી (‘ઝાડ’), પુરાણકથા (‘ગાંધારી’), વ્યંગકથા (‘મેરિકા’) અને બાલકથા (‘ન કહી શકાય તેવી વાર્તા’ અને ‘સંપત્તિ’) જેવી વિવિધ કથનશૈલી પ્રયોજીને એક સંકુલ કથાવિશ્વ ઊભું કરતા વાર્તાકાર રવીન્દ્ર વાર્તાનું મૂળ તત્ત્વ અટવાઈ ન જાય એની તકેદારી રાખવામાં મહદ્ અંશે સફળ થાય છે. પ્રત્યેક રચનાએ પલટાતી રજૂઆત અને એનાથી ઉદ્ભવતું વૈવિધ્ય આ આખાયે સંગ્રહનું ઉલ્લેખનીય લક્ષણ બની રહે છે.

જોકે કેટલીક હોનારત પ્રસ્તુત સંગ્રહની વાર્તાસંદર્ભે સર્જાઈ છે જે આ જાગ્રત વાર્તાકાર પણ ટાળી શક્યા નથી. આમ તો હાસ્યવ્યંગને કુશળતાથી પ્રયોજનાર રવીન્દ્ર પારેખ જીવનની વક્રતા અને કરુણ વિપર્યાસને આલેખવા હાસ્ય-વ્યંગનો આધાર લે છે ત્યારે વાર્તાને વેઠવું પડે છે. વાર્તા ‘હાથતાળી’ લાન્સનાયક વિનાયક અને એમની બહેન બિનિતાના વણસેલા સંબંધોની આસપાસ રચાય છે. કથા સંબંધના ઉચ્છેદ અને પછી સમાધાનની છે. બળેવની રાખડી વર્ષોથી મોકલાઈ નથી. અંતે સંધાયેલા સંબંધનું પર્વ ઊજવવા બિનિતા સોનાની રાખડી ભાઈને કાંડે બાંધવાના મનોરથ સેવે છે, પણ ભાઈ તો યુદ્ધમાં હાથ જ ખોઈ બેઠો છે. ક્ષુબ્ધ કરી શકે તેવો અંત ધરાવતી આ વાર્તાનો આરંભ હળવાશભર્યો અને રમૂજની છાંટવાળો હોવાથી અંતને અનુકૂળ વાતાવરણ બંધાતું નથી, અને કરુણ વિરોધાભાસની ચોટ વેરવિખેર થઈ નબળી પડી જાય છે. વાર્તાકારની રમતિયાળ અને ચબરાક પ્રસ્તુતિ ક્યારેક વાર્તાના પોતને પાતળું બનાવી મૂકે છે એનું ઉદાહરણ વાર્તા ‘મેરિકા’ છે. જીવનનાં રહસ્યોનો તાગ મેળવવા મથતી વાર્તાઓ ‘ફરક’, ‘ફૂદડી’ અને ‘બે-એક’માં તણખા છે, નાવીન્ય છે, પરંતુ ઉત્તમ રચના બનવામાં એમની તાકાત ઓછી પડે છે.

ઇચ્છાતૃપ્તિનું સુખ અને તે દ્વારા મેળવી શકાતી શાંતિની છલનાને ભેદતી વાર્તા ‘અદ્વૈત’નું સંગ્રહની સંતર્પક રચનાઓમાં સ્થાન છે. તપ અને જ્ઞાનની સિદ્ધિ પણ શિવનેત્રસ્વામીને શાંતિ આપી શકતી નથી. પોતાની અતૃપ્ત વાસના આ અશાંતિના મૂળમાં છે એવું સમજેલા સ્વામી શાંતિ પ્રાપ્ત કરવા જે માર્ગ લે છે તે માર્ગ જ એમને અશાંતિની ઊંડી ખીણમાં ધકેલી દે છે. માનવચિત્તની ગૂઢ એષણાઓને ઉકેલવા મથતી આ કથા, બળવાન કથાવસ્તુને તેજગતિ આપી, પરાકાષ્ઠા સુધી પહોંચાડવામાં સક્ષમ નીવડે છે.

અન્ય એક વાર્તા ‘શક્તિ’નો ઉલ્લેખ અહીં કરવો ઘટે. મંદિરની સિંહવાહિની દેવી-પ્રતિમા રમખાણમાં ખંડિત થાય છે. શક્તિરૂપાનું મસ્તક વિચ્છેદાય છે. અનેક હત્યાઓથી મંદિરની ફર્શ ખરડાય છે. અઢીસો વર્ષથી આ જ મંદિરમાં પૂજનઅર્ચન પામતી દેવીને ખંડિત દશામાં અહીં રાખવા કોઈ રાજી નથી. નવી પ્રતિમા અને નૂતન પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી થાય છે. હવે જૂની પ્રતિમાને કોઈ યાદ કરવાનું નથી. ખંડિત પ્રતિમા પ્રાંગણમાં નજર નાખે છે, અને ‘હોલાયેલી તમામે તમામ આરતીની ધૂમ્રસેરો’ એ નજરને ઘેરી વળે છે. આંખમાં પાણી આવવા જેવું થાય છે પણ ‘આરસની આંખોને તે વળી આંસુ કેવાં ? અને આંસુ ન આવે તે જ સારું છે, કારણ અઢીસો વર્ષનાં આંસુઓ લૂછવા તો અષ્ટભુજાઓય ઓછી પડે.’ ટ્રકમાં ગોઠવેલી ખંડિત પ્રતિમા પોતાનું મૂળ સ્થાન છોડે છે ત્યારે એને ‘લાગે છે જાણે ઘરડાંઘર તરફ ધકેલાઈ રહી છું –’

શક્તિરૂપાનું સ્થાનભ્રષ્ટ થવું અને વિવશતામાં મંદિર બહાર ઘસડાવું વાર્તાના અંત પછીયે ભાવક સંવેદનામાં વમળો સર્જે છે. વાસ્તવિક અનુભવજગતથી વેગળું અને નિરાળું વિષયવસ્તુ અહીં વાર્તાકારની માવજતને કારણે સૌષ્ઠવભરી રચનામાં પરિણમે છે. અન્ય એક વાર્તા ‘ઘટ’માં આવું બનતું નથી. અહીં વ્યક્તિ વિનાના પડછાયાની સંકુલ વાત કહેવાઈ છે પરંતુ આ ગહન વિચારનું વહન કરવાની જવાબદારી કથા પર આવી પડી હોય તેથી, કે અન્ય કોઈ કારણને લીધે, વાર્તાની ગતિ અવરોધાય છે, અને વિચાર રહે છે, વાર્તા ઊડી જાય છે.

‘નિર્દેશ’માં વાર્તાકારને કવિ અને નાટ્યકાર રવીન્દ્ર પારેખ ઠીકઠીક સહાયભૂત થયાં છે. ટૂંકાં, પ્રભાવક વર્ણનો, અને સંવાદોની તીક્ષ્ણતા આ વિધાનનું સમર્થન કરશે. વાર્તાની રજૂઆતમાં પ્રયોગશીલ રહીને પણ વાર્તાતત્ત્વ જાળવવાનો સ્વસ્થ અભિગમ ભાવકને કથાવિશ્વમાં પ્રવેશવા આકર્ષે છે એનું પ્રમાણ પ્રસ્તુત સંગ્રહમાંથી અવશ્ય મળે.